તા. ૦૬/૦૬/૨૦૧૦

(૧) દેરાસરના કોઈપણ દસ ઉપકરણના નામ લખો ? .. કળશ, થાળી, વાટકી, ધૂપ, આરતી, મંગળદીવો, દિપક, ચામર, પંખો, દર્પણ, ઘંટ, સુખડ, કેસર, અરિસીઓ, ભંડાર, અંગલુછણાં

(૨) પાઠશાળાના ઉપકરણના નામ લખો ?.................................. સાંપડો, પુસ્તક, પેન્સિલ, નોટબુક

(૩) ઉપાશ્રયના ઉપકરણના નામ લખો ? ....................................ચરવળો, મુહપત્તિ, કટાસણું, ખેસ

(૪) ચાર ગતિના નામ લખો ? .............................દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નરકગતિ

(૫) પાંચ પ્રસિદ્ધ તીર્થોના નામ લખો ? ................... અષ્ટાપદ, શેત્રુંજય, સમેતશીખર, શંખેશ્વર, આબુ

(૬) દેરાસરમાં પ્રવેશ કરતી વખતે કયો પગ પહેલા મુકવાનો હોય ?.... જમણો પગ પહેલા મુકવાનો હોય.

(૭) દેરાસરમાં શું બોલીને પ્રવેશ કરવો જોઈએ ? ......................નિસિહિ બોલીને પ્રવેશ કરવો જોઈએ.

(૮) આપણે કપાળે તિલક કરતી વખતે શું વિચારવું જોઈએ ?........ હું પરમાત્માની આજ્ઞા માથે ચઢાવું છું.

(૯) નૈવેદ્ય અને ફળ કયાં મુકવું જોઈએ ? અને તે મુકતા શું ભાવના ભાવવી જોઈએ ? ....નૈવેદ્ય સાથીયા ઉપર અને ફળ સીધ્ધશીલા ઉપર મુકવું જોઈએ.

(૧૦) આપણે ત્રણ નિસિહિ કયાં કયાં બોલવાની હોય ?.......... દેરાસરમાં આવતા, પૂજા કરતા પહેલા અને ભાવપૂજા કરતા પહલા નિસિહી બોલવાની હોય છે.

(૧૧) નીચે આપેલા તીર્થોનું શું મહત્વ છે તે ટુંકમાં જણાવો ?

શંત્રુજય ......................................................................અનંતા આત્માઓ મોક્ષે ગયા છે.

સમેતશિખર.........................................આ ચોવીસીના વીસ (૨૦) તિર્થંકરો નિર્વાણ પામ્યા છે.

ગિરનાર ............ આવતી ચોવીસીના ૨૪ તિર્થંકરો મોક્ષે જશે - નેમિનાથ ભગવાનના ૩ કલ્યાણકો

પાવાપૂરી ............................................................શ્રી મહાવીર સ્વામી ભગવાન મોક્ષે ગયા.

અંતરીક્ષજી ............................................. શ્રી પાર્શ્વનાથ ભગવાન જમીનથી અધ્ધર રહેલા છે.

રાણકપુર...........................૧૪૪૪ થાંભલાનું દેરાસર - દરેક જગ્યાએથી ભગવાનના દર્શન થાય.

(૧૨) તિર્થંકર ભગવંતના ૫ કલ્યાણકના નામ લખો ? ...ચ્યવન, જન્મ, દિક્ષા, કેવલજ્ઞાન, મોક્ષ કલ્યાણક

(૧૩) આઠ પ્રાતિહાર્યના નામ લખો ?........ અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્ય પુષ્પોનો વરસાદ, દિવ્યધ્વની, સફેદ ચામર, રત્નોનું સિંહાસન, ભામંડળ, દેવદુંદુંભિ

(૧૪) ચાર મહાવિગઈ ના નામ લખો ?............................................... મધ - માખણ - માંસ - મદિરા

(૧૫) બાર ભાવનામાંથી ૪ ભાવના ના નામ લખો ? ...મૈત્રી ભાવના (સર્વ જીવો સાથે મૈત્રી), પ્રમોદ ભાવના (કોઈપણ આત્માનો ગુણ જોઈ હર્ષ પામવો), કરૂણા (દુઃખી આત્મા પ્રત્યે દયા)

(૧૬) નવ તત્ત્વના નામ લખો ? ......જીવ - અજીવ - પાપ - પુણ્ય - આશ્રવ - સંવર - નિર્જરા - બંધ - મોક્ષ

(૧૭) ચાર કર્મબંધના નામ લખો ? ........................................ મિથ્યાત્વ - અવિરતિ - કષાય - યોગ

(૧૮) શંત્રુજય તીર્થ પર શ્રી આદીનાથ ભગવાનના દેરાસરની વર્ષગાંઠ કયારે આવે છે ? ......વૈશાખ વદ ૬

(૧૯) સીડનીમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની વર્ષગાંઠ ક્યારે આવે છે ? ............ ફાગણ સુદ પાંચમ

(૨૦) પાંચ જ્ઞાનના નામ લખો ? ...............મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન

(૨૧) આવતી ચોવીસીમાં ચોવીસ તીર્થંકરો કયા તીર્થ પર મોક્ષે જવાના છે ?....................ગિરનાર તીર્થ

(૨૨) ઘડિયાળ પહેરીને જમવાથી કે અક્ષર લખેલા કપડા પહેરવાથી કયું કર્મ બંધાય છે ? .....જ્ઞાનાવરણીય

(૨૩) ઉંઘ આવવા માટે કયું કર્મ જવાબદાર છે ? .....................................................દર્શનાવરણીય

(૨૪) પાર્શ્વનાથ ભગવાનનું જન્મ કલ્યાણક ક્યારે છે ? ..........................................પોષ વદ - દશમ

(૨૫) શ્રી પાર્શ્વનાથ ભગવાનને એક ઉપસર્ગ કરે છે અને બીજો તે ઉપસર્ગને નિવારે છે છતા પ્રભુ બંન્ને પર સમભાવ રાખે છે તે સકલાર્હત્ ની કઈ ગાથામાં આવે છે ? ............................ કમઠે - ધરણેન્દ્રચં

(૨૬) પ્રતિક્રમણ કેટલા છે ? અને કયાં કયાં ? ................રાઈય - દેવસિય - પક્ખિ, ચૌમાસી, સંવત્સરી

(૨૭) ધ્યાનનાં કેટલા પ્રકાર છે ? તેના નામ જણાવો ?......આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન

(૨૮) પાપસ્થાનક કેટલા છે ? તેનાં ૫ નામ જણાવો ?...........પાપસ્થાનક ૧૮ છે. પ્રાણાતિપાત - મુષાવાદ - અદત્તાદાન - મૈથુન, પરિગ્રહ ..................................................................................

(૨૯) સામાયિક કરતા કેટલા દોષોથી બચવાનું છે ? .................................................... ૩૨ દોષોથી

(૩૦) શુદ્ધ સર્વોતમ સામાયિક કયા શ્રાવકે કરેલ હતી ? ...........................................પુણીયા શ્રાવકે

(૩૧) સામાયિકમાં ચરવળો અને કટાસણું ઉનનું શા માટે હોય છે ?.......................જીવોની રક્ષા થાય - અલ્પ દોષવાળુ ..........................................................................................

(૩૨) શું સામાયિકને મોક્ષનું સાધન કહી શકાય ? ....સામાયિક ચરિત્ર છે અને ચારિત્ર વિના મુક્તિ નથી.

(૩૩) સામાયિક શબ્દનો અર્થ જણાવો ? ................ જેના દ્વારા સમતાનો લાભ થાય - રાગ દ્રેષ ઘટે અને આત્મા સન્મુખ થવાય.

(૩૪) સામાયિક શા માટે કરવું જોઈએ ?............છ કાયાના જીવોની વિરાધના થતી નથી. વિરતી ધર્મમાં આવી શ્રાવક સાધુ જેવો ગણાય.